તા. ૨૭.૨.૨૦૨૫
નવગુજરાત સમય
પાના નં. ૨
અમદાવાદ

સરકારે શહેરી વિકાસ વિભાગનું બજેટ 40% વધારી ₹30,325 કરોડ કર્યું: 2025-26 શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવાશે

અમદાવાદ સહિતનાં શહેરોમાં મોનો-મેટ્રોરેલ જેવી સુવિધા માટે ₹2730 કરોડ

- **નવાં મહાનગરો માટે 2300 કરોડ, 69 પાલિકાઓને અપગ્રેડ કરાશે, પૌરાણિક નગરી વડનગરને 'અ' ગ્રેડમાં ફેરવાશે**

નવગુજરાત સમય > ગાંધીનગર

ભારતીય જનતા પાર્ટીની ભૂપેન્દ્ર પટેલ સરકારે આગામી વર્ષે આવી રહેલી મહાનગરો, નગરપાલિકાઓ, જિલ્લા અને તાલુકા પંચાયતોની મિની વિધાનસભા સમાન ગણાતી મહત્ત્વની ચૂંટણીઓને અનુલક્ષીને આજે વિધાનસભામાં રજૂ કરેલા અંદાજપત્રમાં વ્યૂહાત્મક જોગવાઈઓ સૂચવી છે. શહેરી વિસ્તારોમાં વસતાં પોતાના કોર વોટ બેંકને વધુ આધુનિક સુવિધાઓ, માળખાકીય અને પરિવહન સેવાઓ માટે કરોડો રૂપિયાની જોગવાઈઓ કરવામાં આવી છે. ખાસ કરીને અમદાવાદ, સુરત સહિતના મહાનગરોમાં બીઆરટીએસ, મેટ્રો અને રિવરફ્રન્ટના વિકાસની સાથોસાથ હવે મોનો-મેટ્રોરેલ જેવા રેલ આધારિત ઝડપી, વિશ્વસનીય અને આધુનિક જાહેર પરિવહન સેવાનો લાભ નાગરિકોને મળે માટે રૂ.2730 કરોડની જોગવાઈ સૂચવી છે.

નાણામંત્રીએ જાહેર કર્યું કે, ગુજરાતના શહેરોમાં વસતાં 50 ટકા જેટલા નાગરિકો રાજ્યની વિકાસયાત્રામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. શહેરોને ગતિશીલ, જીવંત, રહેવાલાયક અને પર્યાવરણની દૃષ્ટીએ ટકાઉ અને સક્ષમ બનાવવા આ વર્ષને 'શહેરી વિકાસ વર્ષ' તરીકે ઉજવવામાં આવશે. આ માટે શહેરી વિકાસ વિભાગનું બજેટ 40 ટકા વધારી રૂ.30,325 કરોડ કરવામાં આવ્યું છે. શહેરી માળખાગત સુવિધાઓ માટેની અગત્યની સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના માટેની જોગવાઈ 8,883 કરોડથી વધારીને 12,847 કરોડ કરવામાં આવી છે.

શહેરો, નગરોની નજીકના ગામડાઓને શહેરી સુવિધા માટે ₹100 કરોડ, અમદાવાદ-ગાંધીનગર રિવરફ્રન્ટનાં પાંચ ફેઝ ત્રણ વર્ષમાં પૂરાં થશે

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગયા વર્ષે અંદાજપત્રમાં જાહેર કર્યા મુજબ નવસારી, વાપી, આણંદ, નડિયાદ, મહેસાણા, સુરેન્દ્રનગર-વઢવાણ, મોરબી, પોરબંદર-છાયા, ગાંધીધામ પાલિકાઓને મહાનગરપાલિકામાં રૂપાંતરિત કરવાની જાહેરાત કરી છે એ મહાનગરોના વિકાસ માટે આગામી બજેટમાં રૂ.2300 કરોડની જોગવાઈ સૂચવાઈ છે. આ ઉપરાંત હાલની નગરપાલિકાઓને અપગ્રેડ કરવા અને નવી પાલિકાઓ બનાવવાનું આયોજન છે. આ જ રીતે હાલની 69 પાલિકાના વર્ગને અપગ્રેડ કરવામાં આવશે. ખાસ કરીને જિલ્લા મથકની ખંભાળીયા, લુણાવાડા, મોડાસા, વ્યારા, છોટા ઉદેપુર, દાહોદ તથા રાજપીપળાને અપગ્રેડ કરવામાં આવશે. તેમજ દ્વારકા, પાલીતાણા, ચોટીલા તથા ડાકોર જેવા ધાર્મિક સ્થળોની નગરપાલિકાઓનો પણ સમાવેશ થાય છે. વડનગરના 2500 વર્ષ જેટલા પૌરાણિક અને ઐતિહાસિક સાંસ્કૃતિક વારસા તેમજ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ફલક પરનાં સ્થાનને ધ્યાને લઇ તેને "અ" વર્ગમાં અપગ્રેડ કરવામાં આવશે.

શહેરોના વિકાસની સાથે સાથે એની આસપાસના ગામોને શહેરો જેવી સુવિધા માટે રૂ.100 કરોડની ફાળવણી કરવાની જાહેરાત તેમણે કરી હતી. 'રાજ્યના 10 હજારથી વધુ વસ્તી ધરાવતા મોટા ગામો, શહેરી વિકાસ સત્તા મંડળની આસપાસના ગામો તથા તાલુકાના મુખ્ય મથક હોય તેવા ગામોમાં શહેરની સમકક્ષ આંતરમાળખાકીય સુવિધા ઉપલબ્ધ કરાવવા 100 કરોડની જોગવાઇ સૂચવાઇ છે,' તેમ તેમણે જાહેર કર્યું હતું.



વિધાનસભામાં વર્ષ 2025-26નું બજેટ રજૂ કરવા પૂર્વે નાણામંત્રી કનુભાઇ દેસાઈએ વિધાનસભા બિલ્ડિંગ બહાર નાણા વિભાગનાં ઉચ્ચ અધિકારીઓ સાથે તસવીર ખેંચાવી હતી. **તસવીરઃ પંકજ શુક્લ**

■ અમદાવાદ મેટ્રો રેલ ફેઝ-2 ડિસેમ્બર-25માં પૂર્ણ

સાબરમતી નદી પર અમદાવાદ-ગિફ્ટ સિટી-ગાંધીનગરને જોડતા રિવરફ્રન્ટના બીજા ફેઝની કામગીરી પ્રગતિમાં છે. બાકીના પાંચ ફેઝનું કામ આગામી ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે. દેશના સૌથી લાંબા આ રિવરફ્રન્ટના કામ માટે આ બજેટમાં 350 કરોડ ફાળવવામાં આવ્યા છે. આ જ રીતે અમદાવાદ-ગાંધીનગર અને સુરત મેટ્રો વિસ્તરણનું કામ આગળ વધી રહેલ છે. અમદાવાદ મેટ્રો રેલ ફેઝ-2નું કામ ડિસેમ્બર-2025માં પૂર્ણ થશે. સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટના 55% કામ પૂર્ણ થયેલ છે.

■ 1128 કરોડના ખર્ચે 2060 નવી બસો ઉમેરાશે

જાહેર પરિવહનમાં નાગરિકોની સલામતી અને સગવડતા ધ્યાને લઈ 2060 નવી બસો પ્રજાની સેવામાં મૂકવાનું આયોજન છે. જે માટે 1128 કરોડની જોગવાઇ સૂચવું છું. આમાં ગ્રામ્ય વિસ્તારોમાંથી ઔદ્યોગિક વિસ્તારોમાં આવતા શ્રમિકો માટે અને અંતરિયાળ વિસ્તારોને જોડવા 400 મીની બસનું આયોજન છે.

■ ગુજરાતીઓને ગંગાસ્નાન ફળ્યું !

સરકાર 200 AC વોલ્વો ST બસ નાગરિકોની સેવામાં મૂકશે. મુસાફરોની સગવડતાને ધ્યાનમાં રાખીને 200 નવી પ્રિમિયમ એસી બસો તથા 10 કારવાન સંચાલનમાં મૂકવાની જાહેરાત કરાઇ છે. આ બસો થકી 25 પ્રવાસી અને યાત્રાધામોને સાંકળી લેવા ₹ 360 કરોડની જોગવાઇ સૂચવાઇ છે.

■ શહેરી વિસ્તારોમાં 'કેચ ધ રેઇન' પ્રોજેક્ટ

સ્વર્ણિમ જ્યંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ 80:20ના ધોરણે જનભાગીદારીથી "કેચ ધ રેઇન" અભિયાન હેઠળ ભૂગર્ભ જળ રિચાર્જ કરવાનું આયોજન છે. જે માટે 250 કરોડની ફાળવણી કરવામાં આવશે. અમૃત 2.0 મિશન હેઠળ પાણી પુરવઠા, ડ્રેનેજ સિસ્ટમ, તળાવોના વિકાસ, પરિવહન વ્યવસ્થા વગેરે માટે ₹ 1950 કરોડની જોગવાઇ કરાઇ છે.

■ અમદાવાદ ફરતે વિકાસ માટે રૂ.1000 કરોડ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન માટે ગુજરાત રેઝિલિયન્ટ સિટીઝ પાર્ટનરશીપ પ્રોગ્રામ માટે અને અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તાર માટે પેરી-અર્બન લિવેબિલિટી ઇમ્પ્રૂવમેન્ટ પ્રોજેક્ટ હેઠળ બાહ્ય ભંડોળ માટે ₹ 1000 કરોડની જોગવાઇ.

■ ફાયરબ્રિગેડ માટે હવે 'એક રાજ્ય એક કેડર'

રાજ્યમાં અગ્નિશામક સેવાઓ માટે એક રાજ્ય એક કેડરની સ્થાપના દ્વારા અગ્નિશામક અને કટોકટી સેવાઓને મજબૂત બનાવવામાં આવશે. રાજ્ય અગ્નિશામક મુખ્યાલય અને નવા મોડેલ ફાયર સ્ટેશનોની સ્થાપના માટે ₹ 160 કરોડની જોગવાઇ સૂચવાઇ છે.

■ અન્ય શહેરોમાં ક્લિન એર પ્રોગ્રામ લાગુ થશે

અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ ખાતે હાલમાં ક્લિન એર પ્રોગ્રામના અમલીકરણ સાથે હવે જામનગર, જૂનાગઢ, ભાવનગર, ગાંધીનગર અને ભરૂચ-અંકલેશ્વર માટે સ્ટેટ ક્લિન એર પ્રોગ્રામના અમલીકરણ માટે ₹ 100 કરોડની જોગવાઇ.

શહેરી વિકાસની અન્ય મહત્ત્વની જોગવાઈઓ

- શહેરી વિસ્તારોમાં ડ્યુટીફિકેશન, શહેરી સ્વચ્છતા અને કચરા વ્યવસ્થાપન માટે 808 કરોડ.
- શહેરી વિસ્તારોને રેલવે ક્રોસિંગ મુક્ત બનાવવાના 545 કરોડ.
- સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે ઇન્ફ્રાસ્ટ્રક્ચરના કામો માટે ₹253 કરોડ.
- અમદાવાદમાં SVP સ્પોર્ટ્સ એન્ક્લેવના વિકાસ માટે ₹250 કરોડ.
- મુખ્યમંત્રી ગ્રીન રિંગ રોડ યોજના હેઠળ મુખ્ય શહેરોમાં ગ્રીન રિંગ રોડ વિકસાવવા માટે ₹200 કરોડ.
- આઇકોનિક રસ્તાઓના વિકાસ માટે ₹200 કરોડ.
- ધાર્મિક શહેરોના વ્યૂહાત્મક માળખાગત વિકાસ માટે ₹200 કરોડ.
- 12 મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં ઇન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર માટે ₹180 કરોડ.
- રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન હેઠળ ₹120 કરોડ.
- ગિફ્ટ સિટીમાં માળખાગત સુવિધાઓના વિકાસ માટે ₹72 કરોડ.
- પી.એમ. ઈ-બસ યોજના હેઠળ ડેપો ઇન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ માટે 56 કરોડ.
- સેટેલાઇટ ટાઉનશીપ વિકસાવવા માટે ₹50 કરોડ.
- વડોદરા અને રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં PPP મોડેલ પર કન્વેન્શન સેન્ટર વિકસાવવા માટે ₹50 કરોડ.
- ગુજરાત અર્બન એટલાસ હેઠળ મિલકતો અને ઉપયોગિતાઓના GIS મેપિંગ અને મુખ્ય શહેરી પ્રોજેક્ટ માટે ₹10 કરોડ.

જળસંપત્તિ વિભાગ માટે ₹13 ,366 કરોડની જોગવાઇ

ગામો-શહેરો માટે 2636 કરોડના ખર્ચે નર્મદા બલ્ક પાઇપ લાઇન

નવગુજરાત સમય > ગાંધીનગર

જળસંપત્તિ વિભાગ માટે કુલ 13,366 કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. દરિયામાં વહી જતા નર્મદાના પાણીને ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના સૂકા પ્રદેશમાં વાળવા સૂજલામ સૂફલામ પાઇપલાઇન યોજના માટે 1334 કરોડ, સૌની યોજના માટે 813 કરોડ તથા કચ્છ માટેની યોજના હેતુ 1400 કરોડની જોગવાઇ કરાઇ છે.

ભૂગર્ભ જળ રિચાર્જ કરવા માસ્ટર પ્લાન

તે ઉપરાંત રાજ્યની નદીઓના પાણીનો સુચારૂ જળ સંચય થાય અને ભૂગર્ભ જળ રિચાર્જ થઇ શકે તે માટે 185 રિવર બેઝિનમાં ટેકનોફિઝિબિલિટી અભ્યાસ કરીને એક માસ્ટર પ્લાન બનાવાની જાહેરાત કરાઇ છે. ગામો અને શહેરોની ભવિષ્યની પીવાના પાણીની જળ સુરક્ષા માટે નર્મદા બલ્ક પાઇપ લાઇન માટે 2636 કરોડની જોગવાઇ. ખેડૂતો સૂક્ષ્મ સિંચાઇનો ઉપયોગ કરીને વધુ ઉત્પાદન મેળવી શકે તે માટે 1250 કરોડની જોગવાઇ કરાઇ છે. જે 2 લાખ હેક્ટર વિસ્તાર આવરી લેશે અને રાજ્યમાં સવા લાખ ખેડૂતોને લાભ મળશે.

મહત્વની જોગવાઈઓ

- ચોમાસામાં દરિયામાં વહી જતાં પાણીને રોકવા આગામી વર્ષે ૩૨૬ મોટા ચેકડેમો-વિયર બાંધવા 832 કરોડની જોગવાઇ.
- સાબરમતી નદી પર કુલ 14 વિયર-બેરેજના આયોજનમાં પાંચના કામ પૂર્ણ થયા છે જ્યારે 3 કામ ચાલી રહ્યા છે, બાકી 6 કામો પૂર્ણ કરવા 750 કરોડની જોગવાઇ
- ડેમ સેફટી માટે 501 કરોડની જોગવાઇ
- ભૂગર્ભજળ રીચાર્જ માટે 10 કરોડ
- સમુદ્રની ભરતીનું ખારૂ પાણી નર્મદા નદીમાં પ્રવેશતું અટકાવવા ભરૂચ જિલ્લાના ભાડભૂત ગામે બેરેજની ચાલુ યોજનાના કામો માટે 876 કરોડ
- નર્મદા યોજના થકી શહેરો-ગામોને પાણી પૂરું પાડવા 5979 કરોડ
- પીવાના પાણીની ગુણવત્તા અને નિયમન માટે તાલુકા કક્ષાએ 10 નવી લેબોરેટરી

PMJAYમાં 2 .67 કરોડ નાગરિકોને કેશલેસ સારવાર માટે 3676 કરોડ ફાળવાયા

ગાંધીનગર : આરોગ્ય વિભાગના ગત વર્ષના 20,100 કરોડના બજેટમાં 16.35 ટકાનો વધારો કરીને 23,385 કરોડની જોગવાઇ નવા નાણાકીય વર્ષ માટે કરવામાં આવી છે. તે સાથે વર્ષ 2030 સુધીમાં માતા મૃત્યુ દર અને બાળ મૃત્યુ દરમાં 50 ટકાના ઘટાડોનો ધ્યેય રાખવામાં આવ્યો છે. દર્દીઓ માટે આશીર્વાદરૂપ બનેલી પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજના (પીએમજે) હેઠળ 70 વર્ષથી વધુ ઉંમરના વડીલો, ગરીબ અને મધ્યમ વર્ગના એમ કુલ મળી અંદાજે 2.67 કરોડ નાગરિકોને કેશલેસ સારવાર માટે 3676 કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે.

આરોગ્ય વિભાગના બજેટમાં 16 .35 ટકાના વધારા સાથે કુલ 23 ,385 કરોડની જોગવાઇ

48 કરોડનાં ખર્ચે 200 નવી 108 એમ્બ્યુલન્સ

- GMERS સંચાલિત મેડીકલ હોસ્પિટલો માટે ₹1392 કરોડ
- બિનચેપી રોગો, અન્ય સમસ્યાઓ સંદર્ભે ₹400 કરોડ
- મેડીસિટી વડોદરા ખાતે મલ્ટી સ્પેશિયાલિટી તેમજ કાર્ડિયાક માટેની સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ
- સુરતમાં કાર્ડિયાક , કિડની અને યુરોલોજી સેવાઓ , રાજકોટમાં કેન્સર અને કાર્ડિયાક સેવાઓ અને ગાંધીનગરમાં કાર્ડિયાક , કિડની અને યુરોલોજી સેવાઓ મળીને કુલ 231 કરોડ
- કેન્સરના દર્દીઓ માટે વલસાડ , ગોધરા , હિંમતનગર અને પોરબંદર ખાતે સારવાર શરૂ કરવા ₹198 કરોડ
- બી. જે. મેડીકલ કોલેજ-અમદાવાદ , મેડીકલ કોલેજ-વડોદરા અને એમ. પી. શાહ મેડીકલ કોલેજ-જામનગર ખાતે પી.જી.ના વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ બનાવવા 137 કરોડ
- 108 ઇમરજન્સી સેવા હેઠળ 200 નવી એમ્બ્યુલન્સ માટે 48 કરોડની જોગવાઈ.